## બોરીયાચ ટોલ ટેક્સ વિરોધમાં આજે વિશાળ રેલી નીકળશે

**ટોલ** વસૂલાત બંધ કરો નહીં તો ઉગ્ર આંદોલન કરાશે: અનંત પટેલ

નવસારી: બોરીયાચ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનચાલકો પાસેથી ટોલ ટેક્સ વસૂલવાનો નિર્ણય હવે નવસારી જિલ્લામાં ભારે વિરોધનું કારણ બન્યો છે. વર્ષોથી GJ-21 પાસિંગ ધરાવતા સ્થાનિક વાહનધારકોને મળતી ટોલ મુક્તિની સુવિધા ૧ મે ૨૦૨૬થી બંધ થતાં લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. સ્થાનિકો આ નિર્ણયને સીધો અન્યાય ગણાવી રહ્યા છે.

"ના કર" સમિતિએ વિરોધનો મોરચો સંભાળ્યો છે. સમિતિના જણાવ્યા મુજબ રોજિંદા નોકરી-ધંધા, વેપાર, અભ્યાસ અને અન્ય કામકાજ માટે આ માર્ગનો ઉપયોગ કરતા સ્થાનિકો પર હવે વધારાનો આર્થિક બોજ આવી પડ્યો છે. વર્ષોથી મળતી રાહત અચાનક બંધ થતાં લોકોમાં રોષની લાગણી વધુ તીવ્ર બની છે. આ નિર્ણયના વિરોધમાં આવતીકાલે તા. ૮ મે ૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે નવસારી કલેક્ટર કચેરી ખાતે વિશાળ રેલી અને આવેદન પત્ર કાર્યક્રમ યોજાશે. "ના કર" સમિતિએ નવસારી જિલ્લાના જાગૃત નાગરિકો, વેપારીઓ, યુવાનો અને સામાજિક આગેવાનોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે. બોરીયાચ ટોલ મુદ્દે હવે રાજકીય માહોલ પણ ગરમાયો છે. અનંત પટેલએ કેન્દ્ર સરકારને પત્ર લખી સ્થાનિકો પાસેથી ટોલ વસૂલવાનો નિર્ણય "લૂંટ સમાન" ગણાવ્યો છે. તેમણે ચેતવણી આપી છે કે જો તાત્કાલિક અસરથી ટોલ વસૂલાત બંધ નહીં કરવામાં આવે તો જનતાને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સાપુતારાનું સર્પગંગા તળાવ તંત્રની બેદરકારીથી ખાબોચિયામાં ફેરવાયું

**નવાગામમાં** કરોડોના ખર્ચે બનેલા તળાવનું પાણી મહારાષ્ટ્રમાં વહી રહ્યું છે, પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ શકે


ગિરીશ ભોયે

સાપુતારાઃ ગુજરાતના એકમાત્ર ગિરિમથક અને પર્યટનસ્થળ તરીકે ઓળખાતા સાપુતારાનું હૃદય ગણાતુ સર્પગંગા તળાવ આજે તંત્રની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતાના કારણે સુકાઈ જવાની કગાર પર પહોંચી ગયું છે. એક તરફ રાજ્ય સરકાર પ્રવાસન સહિત સાપુતારાનાં વિકાસનાં મોટા દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ સાપુતારાની ઓળખ સમાન સર્પગંગા તળાવ ઉનાળાની ઋતુમાં ખાબોચિયામાં ફેરવાતા સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

સાપુતારાના સ્થાનિકો તેમજ લાખો પ્રવાસીઓ માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત ગણાતુ સર્પગંગા તળાવ સામાન્ય રીતે ચોમાસામાં ભરાઈ જાય છે. સાથે ઉનાળામાં પાણીની વધતી જરૂરિયાતને પહોંચી વળવા નવાગામ ખાતે બનાવાયેલા નવા તળાવમાંથી પાણી લિફ્ટ કરી સર્પગંગા તળાવમાં છોડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ચાલુ વર્ષે નોટિફાઈડ એરિયા તંત્ર અને સંબંધિત વિભાગોની બેદરકારીને કારણે સમયસર પાણી લિફ્ટ કરવામાં આવ્યું નહીં, જેના પરિણામે સર્પગંગા તળાવનું અસ્તિત્વ જ જોખમમાં મુકાયું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સાપુતારાનાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ તેમજ પ્રવાસન વિકાસને ધ્યાનમાં રાખીને સાપુતારા નવાગામ ખાતે અંદાજે રૂ. 30 કરોડના ખર્ચે 110 ફૂટ ઊંડું વિશાળ તળાવ બનાવવામાં આવ્યું હતું. પરંતુ કરોડો રૂપિયાની આ યોજના હાલ માત્ર કાગળ પર જ સીમિત રહી હોવાનું ચિત્ર સામે આવ્યું છે. એક તરફ સર્પગંગા તળાવ સુકાઈ જવા છતાં નવા તળાવનું પાણી સર્પગંગામાં લિફ્ટ કરવાની જગ્યાએ સીધું છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે લાખો ગેલન પાણી મહારાષ્ટ્ર તરફ વહી જતું હોવાનું સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. પરિણામે ગુજરાત સરકારના ખજાનામાંથી ખર્ચાયેલા કરોડો રૂપિયાનું પાણી પડોશી રાજ્યને લાભ આપી રહ્યું છે, જ્યારે સાપુતારાના લોકો પાણી માટે સંકટનો સામનો કરી રહ્યા છે. હાલમાં ચોમાસાને હવે ગણતરીના દિવસો બાકી હોવા છતાં તંત્ર હજુ પણ ઊંઘમાં હોય તેમ જણાઈ રહ્યું છે. જો તાત્કાલિક પગલાં નહીં લેવાય તો આગામી દિવસોમાં સાપુતારામાં પીવાના પાણી માટે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ શકે છે, તેવી સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં ચિંતા વ્યાપી છે.


ગિરીશ ભોયે

## ઉનાળામાં ડાંગ જિલ્લામાં પીવાના પાણીની ભારે કટોકટી

**રાત્રિના** સમયે મહિલાઓએ પાણી માટે લાઈનોમાં ઊભા રહેવું પડે છે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. સમગ્ર જિલ્લામાં પીવાના પાણીની ભારે તંગીને ધ્યાનમાં રાખીને સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) ની ડાંગ જિલ્લા સાંગઠનિક કમિટી દ્વારા જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, હાલમાં લોકો અને પશુ-પક્ષીઓ પાણી માટે વલખાં મારી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે સરકાર દ્વારા પીવાના પાણી માટે કરોડો રૂપિયાની યોજનાઓ અમલમાં હોવા છતાં છેવાડાના માનવી સુધી પાણી પહોંચતું નથી. અનેક ગામોમાં નળ તો નાખવામાં આવ્યા છે પણ તેમાં પાણી આવતું નથી.

સુબીર તાલુકાના કિરલી, કડમાળ, આમથવા, ઈશખંડી, જામન્યામાળ, ગૌહાનનું બારીપાડા, ઉગા અને ઝરી જેવા ગામોમાં સ્થિતિ ગંભીર છે. તેવી જ રીતે આહવા તાલુકાના મહાલપાડા, ગલકુંડ, પીપલપાડા, કોટબા, ધવલીદોડ, ગાડવી, જામલાપાડા અને વઘઈ તાલુકાના અનેક ગામડાઓમાં પાણીનું સંકટ ઘેરું બન્યું છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે રાત્રિના સમયે સેંકડો બહેનો પાણી માટે લાઈનો લગાવીને ઊભી રહે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેરગામની ગીતામંદિર શાળાનું ધોરણ 10નું 93.84% ટકા પરિણામ

ખેરગામ: નવસારી જિલ્લાની છેવાડાની શાળા ગીતામંદિર માધ્યમિક શાળાનું 93.84 ટકા પરિણામ આવતા સમગ્ર શાળા અને પાટી ગામમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. શાળાનો પ્રિયાંશ સુભાષભાઈ પટેલ 84.33% સાથે પ્રથમ નબર અને પટેલ હેની મહેશભાઈ 81.33 % સાથે દ્વિતીય નંબર અને પટેલ વીરાંગી શૈલેષભાઈ 79.83 % સાથે તૃતીય નંબર પ્રાપ્ત કર્યો છે. બાળકોની સિદ્ધિ બદલ શાળાના તમામ વિદ્યાર્થીઓને અને માર્ગદર્શક શિક્ષક મિત્રો અને શાળાના આચાર્ય રાકેશકુમાર બી પટેલને શાળા સંચાલક મંડળના પ્રમુખ વાલજીભાઈ સોલંકી તથા સમગ્ર સંચાલક મંડળે તથા ગામના અગ્રણી કાંતિભાઈ, રમેશભાઈ તથા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.

### ચીખલી એ.બી.સ્કૂલનું ધોરણ-10માં 100 ટકા પરિણામ



ઘેજ: ચીખલી એ.બી.સ્કૂલનો ફરી દબદબો ધોરણ-૧૦ ની પરીક્ષામાં ૭૮-વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ જ્યારે ૮૩-વિદ્યાર્થીઓ એ-ટુ ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. શાળાનો વિદ્યાર્થી ક્રિશ રણજીતભાઇ પટેલના ૯૯.૯૦ પર્સન્ટાઈલ સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરતા ચીખલીની એ.બી.સ્કૂલે હરહંમેશની જેમ ૧૦૦-ટકા પરિણામ પ્રાપ્ત કરવાનો સિલસિલો યથાવત રાખ્યો હતો. શાળાની આ અદભૂત પરિણામની સફળતા વતી શાળાના ટ્રસ્ટી નિર્મલભાઇ અને આચાર્ય પ્રિતિબેન વણકરે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને મીઠાઈ ખવડાવી સમગ્ર સફળતાને બિરદાવી હતી.

### વાંસદાની શ્રી શ્રેયસ વિદ્યાલય વાઘાબારીનું ધો.10નું 92.00 ટકા, ધો.12નું 94.73 ટકા પરિણામ

વાંસદાઃ વાંસદા તાલુકાની નૂતન આદિવાસી કેળવણી મંડળ સંચાલિત શ્રી શ્રેયસ વિદ્યાલય વાઘાબારીનું ધોરણ -10નું 92.00 ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે વિરલ ખાલપાભાઈ કરૂદિયા 83.83 ટકા (A2 ગ્રેડ) બીજા ક્રમે - અમિતભાઈ આશિષભાઈ પવાર 82.50 ટકા (A2 ગ્રેડ)અને ત્રીજા ક્રમે જીયાકુમારી અશ્વિનભાઈ પટેલ 82.33 ટકા (A2 ગ્રેડ) સાથે ઉતીર્ણ થયા હતા તેમજ ધોરણ -12 સામાન્ય પ્રવાહનું 94.73 ટકા પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ મિકીતાકુમારી રાજેશભાઈ પટેલ 86.85 ટકા બીજાક્રમે હારૂનભાઈ આશિષભાઈ પવાર 76.28 ટકા અને ત્રીજા ક્રમે જોન્સનભાઈ સિતારામભાઈ મોકાશી 75.28 ટકા સાથે ઉતીર્ણ થયા હતા. પાસ થનાર તમામ વિદ્યાથીઓને મંડળના પ્રમુખશ્રી નટુ ભાઈ પટેલ, મંત્રીશ્રી મગનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રીઓ અને શાળાના આચાર્ય જીતેશભાઈ આહિર તેમજ શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

### ચીખલીના કુકેરી શાંતાબા વિદ્યાલયનું ઝળહળતું પરિણામ

ઘેજ: ચીખલીના કુકેરી શાંતાબા વિદ્યાલયનું ધોરણ ૧૦નું ૮૬ ટકા, ૧૨-વિજ્ઞાન પ્રવાહનું ૮૯ ટકા તથા ૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ આવતા શાળા પરિવારમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી. સરકારની ગ્રાન્ટ વિના રહેવા જમવાની સગવડ સાથે વિના મૂલ્યે શિક્ષણ પૂરું પાડતી કુકેરી શાંતાબા વિદ્યાલયમાં અભ્યાસ કરતી અને પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરી અજીતા ઠાકરીયા એ-વન ગ્રેડ સાથે શાળામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પીયુષ જયેશભાઈ રાઠડ ૮૯.૮૩ ટકા સાથે દ્વિતીય ક્રમ અને કિંજલ પાંડુભાઈ ચૌધરી ૮૯.૧૭ ટકા તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સોનલ બાલુભાઈ ચૌધરી ૭૬.૩૧ ટકા સાથે પ્રથમ ક્રમ, પિનલ કમલેશભાઈ મહાકાળ ૭૬ ટકા સાથે દ્વિતીય ક્રમ અને દિવ્યા રામુભાઈ ગાર્ડર ૭૧ ટકા સાથે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનમાં મિનાક્ષી વિજય ભોંયા ૮૬.૮૬ ટકા સાથે પ્રથમ ક્રમ, રોઝમેરી ધીરુભાઈ માહલા ૮૩ ટકા સાથે દ્વિતીય ક્રમ અને નિશા સીતારામભાઈ દળવી ૮૦ ટકા સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યો હતો.

### શૌર્ય પાટીલે ધો.10 અંગ્રેજી માધ્યમમાં 84% મેળવી ધરમપુર મરાઠી સમાજનું ગૌરવ વધાર્યું



ધરમપુરઃ ધરમપુર તાલુકાના આસુરા ઝાંપા, માછીવાડ વિસ્તારના રહીશ શૌર્ય ભરતભાઈ પાટીલે ધોરણ 10 (અંગ્રેજી માધ્યમ) બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મરાઠી સમાજનું ગૌરવ વધાર્યું છે. વલસાડની BAPS સ્વામિનારાયણ સ્કૂલમાં અભ્યાસ કરતાં શૌર્યએ બોર્ડની પરીક્ષામાં કુલ 600માંથી 502 ગુણ મેળવી 84% સાથે A2 ગ્રેડ અને 88.28 પર્સન્ટાઇલ પ્રાપ્ત કરી સફળતાને લઈ શાળા પરિવાર તેમજ સમગ્ર મરાઠી સમાજમાં ખુશીની જોવા મળી હતી

# બોરખેત નજીક ગમખ્વાર અકસ્માતમાં બે યુવકનાં મોત

**કાર** અને બાઇક વચ્ચેની ટક્કરમાં આહવાના બે યુવકનાં સ્થળ પર જ મોત


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના બોરખેત ફોરેસ્ટ ચેકપોસ્ટ નજીક આજે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે આશાસ્પદ યુવકે જીવ ગુમાવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્ર તરફથી પૂરઝડપે આવી રહેલી મહિન્દ્રા એક્સુવી કાર નં. જીજે 16 બીએન 0800 એ સામેથી આવી રહેલી બાઈક નં. જીજે 05 કેપી 0066ને જોરદાર ટક્કર મારી અડફેટમાં લીધી હતી. આ અકસ્માતમાં બાઈકસવાર બંને યુવકના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ ઘટનાની વિગત એવી છે કે, આહવા શહેરના બે યુવાનો પોતાની બાઈક પર સવાર થઈને બોરખેત તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન બોરખેત ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે સામેથી આવતી મહિન્દ્રા એક્સુવી કારની અડફેટમાં તેઓ આવી ગયા હતા.

આ અકસ્માતને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. હાલમાં આહવા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આહવા પોલીસની ટીમે બંને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. તપાસ દરમિયાન મૃતક યુવકોની ઓળખ થતાં તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. આ સમાચાર મળતા જ યુવકોના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલમાં આહવા પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# CM Dashboard 2.0માં નવસારી મનપા નંબર-1

**રોજની** ૪૦૦ ફરિયાદના ઝડપી નિકાલથી નવી ૯ મનપામાં નવસારી સૌથી આગળ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાએ રાજ્યસ્તરે એવી સિદ્ધિ હાંસલ કરી છે કે હવે સમગ્ર ગુજરાતમાં નવસારીના વહીવટી મોડેલની ચર્ચા શરૂ થઈ ગઈ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સીધી દેખરેખ હેઠળ ચાલતા CM Dashboard 2.0 ના માસિક રિવ્યુમાં નવસારી મહાનગરપાલિકાએ નવી રચાયેલી રાજ્યની ૯ મહાનગરપાલિકામાં પ્રથમ સ્થાન મેળવી ઈતિહાસ રચ્યો છે. ઝડપી ફરિયાદ નિવારણ, ડિજિટલ ગવર્નન્સ અને નાગરિક કેન્દ્રિત કામગીરીના આધારે નવસારીએ રાજ્યમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

એક સમય એવો હતો જ્યારે એપ આધારિત કામગીરીમાં નવસારી મનપા ત્રીજા ક્રમે હતી, પરંતુ માત્ર થોડા જ સમયમાં તંત્રએ એવી ગતિ પકડી કે એપ્રિલ માસમાં સીધો પ્રથમ ક્રમ ઝૂંટવી લીધો. છેલ્લા ત્રણ માસથી મનપા દરરોજ સરેરાશ ૪૦૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરી રહી છે, જેને રાજ્યસ્તરે એક નોંધપાત્ર સિદ્ધિ માનવામાં આવી રહી છે. પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઈટ, સફાઈ અને નાગરિક સુવિધાઓ સંબંધિત ફરિયાદોને ડિજિટલ એપ્લિકેશન મારફતે 'રિયલ ટાઈમ'માં ટ્રેક કરી તાત્કાલિક ઉકેલ લાવવાની વ્યવસ્થાએ નવસારીને અન્ય મહાનગરપાલિકાઓ કરતાં ઘણું આગળ પહોંચાડ્યું છે. ખાસ કરીને સ્થાનિક અખબારો અને મીડિયામાં પ્રકાશિત થતી નાગરિક સમસ્યાઓને પણ મનપાએ ગંભીરતાથી લઈ ઝડપી કાર્યવાહી કરી છે. પરિણામે નેગેટિવ સમાચારને સકારાત્મક કામગીરીમાં બદલવાનો નવસારી મોડેલ આજે રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે.

CM Dashboard 2.0 ના રિવ્યુમાં માત્ર આંકડાઓ નહીં, પરંતુ કામગીરીની ગુણવત્તા, પ્રતિસાદની ઝડપ, પારદર્શિતા અને જનતાપ્રત્યેની સંવેદનશીલતાનું પણ મૂલ્યાંકન કરવામાં આવે છે. આ તમામ પરિમાણોમાં નવસારી મનપાએ અસરકારક પ્રદર્શન કરી પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. નવસારી મહાનગરપાલિકાની આ સફળતા પાછળ અધિકારીઓની સતત મોનિટરિંગ, સુવ્યવસ્થિત આયોજન, ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ અને "ફરિયાદ આવે એટલે તરત ઉકેલ" જેવી કાર્યપદ્ધતિ મુખ્ય કારણ બની છે.

## નવસારીમાં પરિણીતાને દહેજ માટે ત્રાસ, પતિ સહિત 4 સામે ગુનો

નવસારીઃ મોલધરા ગામે રહેતી એક પરિણીતાએ પોતાના પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક તેમજ માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ શબનમબેનના લગ્ન વ્હોરાવાડ મહોલ્લામાં રહેતા દાઉદ મહંમદ ભયાત સાથે થયા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે સસરા મહંમદ ઈસ્માઈલ, સાસુ ફાતિમા અને નણંદ આયેશા પતિને ચઢામણી કરતા હતા, જેના કારણે પતિ દ્વારા પણ પરણિતાને મારઝૂડ અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ઉપરાંત સાસરિયાઓ દ્વારા દહેજની માંગણી કરવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિણીતાએ નવસારી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે પતિ સહિત ચાર આરોપીઓ વિરુદ્ધ દહેજ પ્રતિબંધક ધારાની કલમો તથા અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## નોકરી મેળવવા ખોટા સર્ટિ. આપનાર મહિલાને 3 વર્ષની કેદ

**સંગીત** વિષયમાં વિદ્યા સહાયક તરીકે નોકરી મેળવી હતી

નવસારીઃ નવસારી કોર્ટએ સરકારી ભરતીમાં બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરનારાઓ સામે કડક સંદેશ આપતો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. વર્ષ 2007માં ખોટા શૈક્ષણિક પ્રમાણપત્રોના આધારે સંગીત વિષયમાં વિદ્યા સહાયક તરીકે નોકરી મેળવનાર કેશોદની મહિલા રાજીબેન પરબતભાઈ બોરખતરીયાને અદાલતે દોષિત ઠેરવી ત્રણ વર્ષની કેદ અને દંડની સજા ફટકારી છે. કેસની વિગતો મુજબ આરોપીએ નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરીમાં "બૃહદ ગુજરાત સંગીત સમિતિ"નું વર્ષ 2006નું બનાવટી સંગીત વિશારદ (બી.એ.) સર્ટિફિકેટ, ગુણપત્રક અને દાખલો રજૂ કરી નોકરી મેળવી હતી. બાદમાં શિક્ષણ વિભાગ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરાતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. તપાસમાં રજૂ કરાયેલા દસ્તાવેજો ખોટા હોવાનું સાબિત થયું હતું.

કેસની સુનાવણી દરમિયાન અદાલતે નોંધ્યું હતું કે સરકારી ભરતી પ્રક્રિયાને દૂષિત કરવો ગંભીર ગુનો છે અને આવા કિસ્સાઓમાં હળવાશ દાખવી શકાય નહીં. સરકારી વકીલ સ્મીતા પ્રજાપતિની દલીલો અને પુરાવાના આધારે અદાલતે આરોપીને આઈપીસી કલમ 471 અને 473 હેઠળ કેદ તથા દંડની સજા ફટકારી હતી. દંડ નહીં ભરાય તો વધુ 30 દિવસની સાદી કેદ ભોગવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે.

છવ્વીસમી પુણ્યતિથિએ
હાર્દિક શ્રધ્ધાંજલિ



રમણલાલ કુંવરજી દેસાઈ
સ્વ.તા.૦૮-૦૫-૨૦૦૦

આપે સેવેલાં સ્વપ્નોને સાકાર કરવાના પ્રયાસરૂપે શરૂ કરાયેલા વિદ્યાસંકુલની પ્રગતિ દ્વારા પ્રેરણારૂપ અમારા હૃદયમાં વસતા આપને હાર્દિક શ્રધ્ધાંજલિ.

લિ.
આર. કે. દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ
આર.કે.દેસાઈ કોલેજ ઓફ કમ્પ્યુટર ઍન્ડ એપ્લાઈડસાઈન્સ.(B.C.A)
આર.કે.દેસાઈકોલેજ ઓફકોમર્સ ઍન્ડમેનેજમેન્ટ.(B.Com),(M.Com),(B.B.A),(MBA )
આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સ.(M.Sc.-Organic-Chemistry),
(B.Sc-Chemistry& Microbiology)
આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન.(B.Ed)
શ્રીમતિ કે.આર. દેસાઈ કોલેજ ઓફ પી.ટી.સી (D.EL.Ed)
આર.કે.દેસાઈસ્કૂલ Secondary & Higher Secondary
( English& Gujarati Medium)
આર.કે.દેસાઈ કોલેજ સંકુલ, કોપરલી રોડ,
જી.આઈ.ડી.સી. વાપી ,Mo.No-9726122256